વડીલોને વંદન અભિનંદન

રજનીકાંત દામોદરદાસ ત્રિવેદી
(૧૯૩૫)ફોન: ૨૩૨૨૯૯૯૬

પ્રાંતિજનું ગૌરવ

ગાંધીનગર, તા.૨૧
પ્રાંતિજ શહેરના ઉસ્માનગની

ખલીલુર રહેમાન છાલોટીયાએ સરદાર પટેલ યુનિવર્સિટી વિદ્યાનગરમાંથી ડૉ. કે.કે. ભટ્ટના ગાઈડ અને માર્ગદર્શન હેઠળ ફાર્માસ્યુટીકલ સાયન્સ વિષય સાથે પી.એચ.ડી. કરી ડોકટરેટની પદવી મેળવી પ્રાંતિજ તથા મુસ્લિમ સમાજનું ગૌરવ વધારેલ છે.

આજે આનંદનો ગરબો

બહુચરમાની અસીમકૃપાથી ચન્દ્રિકાબેન કનુભાઈ પટેલના નિવાસસ્થાન પ્લોટ નં. ૧૦૪૩/૨ સે-૩-ડી ખાતે તા. ૨૨ ડિસેમ્બરના રોજ એટલે કે આજે બપોરે ૨ થી ૫ કલાક દરમિયાન મધુબેન કડીકરના મધુર કંઠે આનંદનો ગરબો યોજવામાં આવશે. જેમાં ભાવિ ભકતોને હાજર રહેવા મેલડી-આનંદ ગરબા મંડળ સે-૩-સી દ્વારા જણાવાયું છે.

ગુણાનંવાદ સભા

દરિયાપુરી સંપ્રદાયના પૂજ્ય હર્ષદમુની મહારાજ સાહેબ બોરસદ મુકામે ગત તા ૮ ડિસેમ્બરના રોજ કાળધર્મ પામ્યા છે. જેમની ગુણાનુવાદ સભા શ્રી વર્ધમાન સ્થાનકવાસી જૈન સંઘ, સેક્ટર-૬ ઉપાશ્રય ખાતે તા. ૨૨ ડિસેમ્બર રવિવાર, સવારે ૮.૦૦ કલાકે રાખવામાં આવી છે. જેમાં સંઘના સભ્યોએ હાજર રહેવા મંત્રી હિતેન્દ્ર શાહે જણાવ્યું છે.

શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા નિરાધાર વૃદ્ધોને અનાજનું વિતરણ કરવામાં આવ્યું હતું. સમિતિ દ્વારા સુનોક અને ખારી ગામમાં રહેતા વૃદ્ધ નિરાધારોને અનાજનું વિતરણ કરવાનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જેમાં ગામમાં રહેતા ૧૫૦થી વધારે લોકોને માથાદીઠ ૩ કિ.ગ્રા. ચોખા આપવામાં આવ્યા હતા તેમજ ભવાનપુર ૧-૨ અને કુસ્કી છાપરામાં રહેતા બાળકોને ઠંડીમાં રક્ષણ પુરું પાડતા સ્વેટરનું વિતરણ કરવામાં આવ્યું હતું.

અકસ્માત સર્જ્યા બાદ દારૂથી ભરેલો થેલો મુકી શખ્સ ફરાર

અમદાવાદ, તા.૨૧

આજે વહેલી સવારે ઘાટલોડીયા વિસ્તારના પાર્શ્વનાથ જૈન દેરાસર નજીક એક અજાણ્યા બાઈક ચાલકે વૃદ્ધને અડફેટે લીધા હતા. આ અકસ્માત સર્જ્યા બાદ બાઈકચાલક પોતાની પાસે રહેલી દારૂની થેલી પડતી મુકીને બાઈક પર તરત જ પલાયન થઈ ગયો હતો. આ બનાવની જાણ થતાં પોલીસ કાફલો ઘટના સ્થળે પહોંચી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

પોલીસ સુત્રો દ્વારા મળતી વિગત અનુસાર, ઘાટલોડીયા વિસ્તારના પાર્શ્વનાથ જૈન દેરાસર પાસેથી એક વૃદ્ધ વહેલી સવારે પસાર થઈ રહ્યા હતા ત્યારે પૂરઝડપે આવી રહેલ બાઈક ચાલક (જીજે-૧-પીજી-૪૫૧૫)એ વૃદ્ધને ટક્કર મારી અકસ્માત સર્જર્યો હતો. એકાએક અકસ્માતથી બાઈક ચાલક ગભરાઈને તરત જ પોતાની થેલી ત્યાં મુકીને પલાયન થઈ ગયો હતો. બનાવ બાદ વૃદ્ધને ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે સોલા સિવિલમાં ખસેડાયો હતો. જ્યારે પોલીસ કાફલો ઘટના સ્થળે પહોંચીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. જ્યાં તપાસ દરમ્યાન થેલીમાંથી પ્લાસ્ટીકના કેરબામાં ૧૪ લીટર દેશી દારૂ મળી આવ્યો હતો.

કન્યા વિદ્યાલયના બાળકોએ કૈલાસધામ વૃદ્ધાશ્રમની મુલાકાત લીધી

શહેરમાં શિક્ષણ પિરસતી બાશ્રી વસંતકુંવરબા કન્યા વિદ્યાલય સે. ૨૮ ખાતે અભ્યાસ કરતા વિદ્યાર્થીઓએ કૈલાસધામ વૃદ્ધાશ્રમની મુલાકાત લીધી હતી. પેથાપુર ખાતે આવેલ કૈલાસધામ વૃદ્ધાશ્રમમાં વસંતકુંવરબા કન્યા વિદ્યાલયના બાળકોએ શુભેચ્છા મુલાકાત લીધી હતી. બાળકોએ વૃદ્ધાશ્રમમાં રહેતા વૃદ્ધો સાથે ગોષ્ટી કરી સત્સંગ કર્યો હતો. આ પ્રસંગે વેશાલી ગોહિલે ગરમ મોજાનું વિતરણ કર્યું હતું. તેમજ અન્ય એક બેને યથાશક્તિ ભેટ આપી હતી.

આંતર વિભાગીય ક્રિકેટ ટૂર્નામેન્ટમાં આરોગ્ય વિભાગે ઉદ્યોગ ખાતાને ત્રણ રને હરાવ્યું

ગાંધીનગર, તા. ૨૧

આંતર વિભાગીય ક્રિકેટ ટૂર્નામેન્ટમાં આજે સચિવાલય જીમખાના ખાતે આરોગ્ય વિભાગ અને ઉદ્યોગ વિભાગ વચ્ચે રમાયેલી રોમાચંક મેચમાં આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગનો માત્ર ૩ રને વિજય થયો હતો. આરોગ્ય વિભાગે પ્રથમ બેટીંગ કરતા બંકિમ ચૌધરીના ૪૧ રન અને વત્સલ વોરાના ૩૨ રનની સહાયથી ૧૪૯ રન નોંધાવ્યા હતા. ઉદ્યોગ વિભાગ વતી અલ્પેશ ભાવસાર, મહેન્દ્ર ચાવડા અને સુહાસ ઉર્ફે બોનીએ ૩-૩ વિકેટ ખેરવી હતી. પરંતુ જવાબમાં તેઓ ૧૪૬ રન જ નોંધાવી શકતા આરોગ્ય વિભાગે ત્રણ રનથી વિજય પ્રાપ્ત કરી ક્વાર્ટર ફાઈનલમાં પ્રવેશ મેળવ્યો હતો.

'આપ' તૈયાર

● અનુસંધાન પહેલાનું ચાલુ

આદમી પાર્ટીને ઉમેદવાર મળશે નહીં. ત્યારબાદ એમ કહી રહ્યા હતા કે તેમને જીત મળશે નહીં. આજે અમારી પાસે ૨૮ બેઠકો છે.

બીજી પાર્ટીઓ અમને ચેલેન્જ ન કરે તેવો મત કેજરીવાલે આપ્યો હતો. કેજરીવાલે કહ્યુ હતુ કે મુખ્ય પાર્ટી આમ આદમી પાર્ટીની અવગણના કરતી રહી છે. આમ આદમીપાર્ટી આવનાર દિવસોમાં વધુ અસરકારક બનીને ઉભરશે. કોંગ્રેસના સમર્થનથી સરકાર બનાવવામાં આવશે કે કેમ તે અંગે પુછવામાં આવતા કેજરીવાલે કહ્યુ હતુ કે અમને બંને પ્રકારની ભલામણો મળી છે. કેટલાક લોકોનું કહેવું છે કે કોંગ્રેસની રાજનીતિથી દૂર રહેવાની જરૂર છે. લોકોના મતના આધાર પર સરકાર બનાવીશું. બીજી બાજુ પક્ષના નેતા મનીષ સિસોદિયાનું કહેવું છે કે મોટા ભાગના લોકો ઈચ્છે છે કે આમ આદમી પાર્ટીએ સરકાર બનાવવી જોઈએ. સરકાર નહીં બનવવા માટેનું કોઈ કારણ દેખાતુ નથી. કેજરીવાલે એવા લોકોની ઝાટકણી કાઢી હતી જે લોકો તેમની પાર્ટીના ઢંઢેરાને અયોગ્ય ગણાવી રહ્યા છે. વિજળી કંપનીઓના ઓડિટ અને દરેક ઘરને ૭૦૦ લીટર પાણી આપવાના પ્રશ્ને તેમણે કહ્યુ હતુ કે લોકો સાથે વાત કર્યા બાદ ખૂબ સાવધાનીપૂર્વક આ મુદ્દા તૈયાર કરાયા હતા. આ ખૂબજ પ્રેક્ટિકલ છે અને આને સરળતાથી અમલી બનાવી શકાશે. અમારી પાર્ટી તમામ વચનો પાળી બતાવશે. સોમવારના દિવસે આમ આદમી પાર્ટી સરકાર બનાવવાને લઈને મહત્વપૂર્ણ જાહેરાત કરનાર છે. પાર્ટીની નજર ૨૦૧૪ની લોકસભા ચૂંટણી પર પણ છે.

ઠંડીનું મોજુ

● અનુસંધાન પહેલાનું ચાલુ

શિશિરના ઠંડા પવનોને કારણે પણ આજે ઠંડીનો અહેસાસ દિવસ દરમ્યાન થતો રહ્યો હતો. લોકો આજે ગરમ વસ્ત્રો ધારણ કરી અને બહાર નીકળ્યા હતા. ગરમ વસ્ત્રોના બજારમાં પણ ઘરાકી સારી એવી જોવા મળી હતી.

ઠંડીના પગલે મોડી સાંજે કચેરીઓ છુટ્યા બાદ માર્ગો પણ સુમસામ થઈ ગયા હતા. ખાસ મહત્વના કામો સિવાય લોકોએ બહાર નીકળવાનું ટાળ્યું હતું.

ઝાકળ અને ધુમ્મસને કારણે ઠંડીની તીવ્રતા વધુ અનુભવાતી હતી. ગુલાબી ઠંડીમાંથી કાતિલ ઠંડીમાં ફેરવાયેલા પાલનપુર માટે પવનોની દિશા વધુ જવાબદાર હોવાનું મનાઈ રહ્યું છે.

હવામાનમાં આવેલા બદલાવની સીધી અસર જનજીવન પર થઈ રહી છે. આ ઠંડીને પગલે ચા ના કીટલી બજારમાં પણ સારી એવી ઘરાકી જણાઈ હતી.

દરમ્યાન બનાસકાંઠા જિલ્લાના અમારા પ્રતિનિધિનો અહેવાલ જણાવે છે કે શહેરના કિર્તી સ્તંભ નજીકથી શુક્રવારે સવારે એક અજાણી ભિક્ષુક મહિલાનો મૃતદેહ મળ્યો હતો. જ્યારે આજે સેન્ટ્રલ બસ સ્ટેશન સામે રેલવેની હદમાંથી પણ એક વધુ મૃતદેહ મળ્યો હતો. ઠંડીને કારણે આ મૃત્યુ થયાનું જાણવા મળેલ છે.

ઠંડીની તીવ્રતા વધતાં જનજીવન પરની અસરો તીવ્ર બની છે. ઠંડીને કારણે જિલ્લામાં રવિસીઝનની વાવણીમાં પણ નવો જોમ ખેડૂતોમાં જોવા મળી રહ્યો છે. જિલ્લામાં આ વખતે ઘઉં અને બટાટાના વાવેતરની સાથે સાથે શાકભાજીના પાકોના વાવેતર વધશે તેમ મનાઈ રહ્યું છે. જો કે ઠંડીની સાથે સાથે શાકભાજીના ભાવ પણ થોડાક નીચા આવ્યા છે.

ભાડુ વધ્યુ

● અનુસંધાન પહેલાનું ચાલુ

અંદાજીત પ્રતિ લીટરે ૬ રૂપિયા ભાવ વધારો થવા પામેલ છે. તેમજ દર માસે હજી પણ ડીઝલની કિંમતોમાં ૫૦ પૈસા કે તેથી વધુ કિંમતો વધવાની સંભાવના છે. જેને લક્ષમાં લેતાં વાર્ષિક ૧૫૦ કરોડ રૂપિયા જેટલો બોજો વધવા પામશે. આ ઉપરાંત અસહ્ય મોંઘવારીના કારણે કર્મચારીઓના મોંઘવારી ભથ્થામાં અનુક્રમે જૂનમાં ૮ ટકા અને ઓક્ટોબરમાં ૧૦ ટકા જેટલો વધારો થતાં આ ભાડા વધારો કરવાની ફરજ પડી છે. વધુમાં વિદ્યાર્થીઓના રાહત દરના પાસમાં અમલી થનાર ભાડામાં અગાઉ મુજબ ૮.૫૦ કન્સેશન તથા ગ્રામીણ કન્યા વિદ્યાર્થિનીઓના ૧૦૦ ટકા રાહત દરના પાસની સુવિધા યથાવત રહેવા પામશે.

પાણીની ગુણવત્તા

● અનુસંધાન પહેલાનું ચાલુ

આજે મળેલ બેઠકમાં સેકટર રિફોર્મ યોજના (રાજય) અંતર્ગત ગાંધીનગર તાલુકાના ભોયણ રાઠોડ ગામમાં ૧ લાખ લીટરની ક્ષમતાની ૧૨મીટર ઉંચી ટાંકી અને પીવીસી પાઈપ લાઈન રૂપિયા ૨૪,૯૫,૪૪૦ અને કલોલ તાલુકા કારોલી ગામમાં પીવીસી પાઈપ લાઈનના ૧૪,૧૫,૨૦૦ મળી કુલ રૂપિયા ૩૯,૧૦,૬૪૦ કામોની વહીવટી મંજૂરી આપવામાં આવી હતી. આ બેઠકમાં -ગતિ હેઠળ તેમજ નવી મંજુર કરેલ ગ્રામ સમિતિઓની યોજનાઓ માટે રૂપિયા ૨,૯૦,૧,૭૮૮ની ગ્રાન્ટ છુટી કરવામાં આવી હતી આ બેઠકમાં જિલ્લામાં લોકભાગીદારીના અભિગમ સાથેના પીવાના પાણીનાં કામો,સેકટર રિફોર્મ યોજના (રાજય) અંતર્ગત ચાલી રહેલાં--ગતિનાં કામો, નવી મંજૂર કરેલ ગ્રામ સમિતિઓની યોજનાઓને ગ્રાંટ છૂટી કરવા, ગ્રામ સમિતિઓના લોકાફાળા તેમજ સરકારી -નથમિક શાળાઓમાં શુધ્ધ પીવાના પાણીની સુવિદ્યાનાં કામો વગેરે અંગે વિગતે સમીક્ષા કરવામાં આવી હતી. બેઠકમાં ગાંધીનગર -નથમિક શિક્ષણાધિકારી શ્રી બહાદુરસિંહ સોલંકી તથા સંબંધિત અધિકારીઓ ઉપસ્થિત રહયાં હતાં.

શબ્દાવલી - ૫૨૬૪



આડી ચાવી

૧. ઉજ્જડ, નિર્જન (૩)
૩. ટાપટીપ, શોખીન (૪)
૬. પત્તુ, પાંદડું (૨)
૭. મીઠું (૨)
૮. આંકા, કાચ ઉપર લીટી પડે તે (૪)
૧૧. રવિવારે... હોય (૨)
૧૩. ભોગ વિલાસ, સુખચેન(૫)
૧૬. પ્રેમ, સ્નેહ (૨)
૧૮. આ જગ્યાના શિલ્પો પ્રખ્યાત છે (૪)
૧૯. ... માં તમાકુ ભરીને ઘણા લાકો પીએ છે (૩)
૨૦. તમારૂં (૨)
૨૧. એક હિન્દી ફિલ્મ (૨)
૨૨. વેલ, વેલો (૨)

ઊભી ચાવી

૧. વ્યાપાર કરનાર (૩)
૨. જંગલ (૨)
૩. ચળ, ખંજવાળ (૩)
૪. ખનકાર, ઝણકાર (૪)
૫. એક વાદ્ય (૩)
૯. એક ચેનલનું નામ, આશરો (૩)
૧૦. વાળ (૨)
૧૨. જાહેર ખબર (૪)
૧૩. એકડું કરેલ (૪)
૧૪. અવલોકન, નિરીક્ષણ(૪)
૧૫. સુંવાળુ, રૂચ્છાવાળુ કાપડ (૪)
૧૭. આરોપ (૪)

શબ્દાવલી ૫૨૬૩ના જવાબ

આડી ચાવી :- (૧) અસામાજીક (૩) ત્રાગુ (૫) ક્વિજ (૬) લસણ (૭) આફતાબ (૯) યતીમ (૧૦) વેન (૧૧) રસગીયું (૧૩) શમણાં (૧૫) જતન (૧૭) કજાત (૧૯) ખુનામરકી

ઊભી ચાવી :- (૧) અદ્વિતીય (૨) સાજ (૩) ત્રાસ (૪) ગુણગાન (૬) લબ (૭) આમરણાંત (૮) તામસી (૧૨) યુજ (૧૩) શકત (૧૪) મજા (૧૬) નર્તકી (૧૮) ફના

લેકાવાડા ઓમકાર ઈન્ટરનેશનલ સ્કુલનું ગૌરવ

ગાંધીનગર, તા.૨૧

રાજસ્થાનના જયપુર ખાતે યોજાયેલ ક્રિકેટ ટુર્નામેન્ટમાં લેકાવાડા ઓમકાર ઈન્ટરનેશનલ સ્કુલના વિદ્યાર્થીએ મેન ઓફ ધ મેચ બની પ્રમાણપત્ર મેળવ્યું છે.

શહેરના સે-૨૧માં આવેલ જીમખાના દ્વારા નવેમ્બર-૧૩ ક્રિકેટ ટુર્નામેન્ટનું આયોજન રાજસ્થાનના જયપુર ખાતે કરવામાં આવ્યું હતું. જેમાં ઝારખંડ, ઉ.પ્ર., મધ્યપ્રદેશ, રાજસ્થાન અને ગુજરાતના વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. લેકાવાડા ખાતે આવેલી ઓમકાર ઈન્ટરનેશનલ સ્કુલનો વિદ્યાર્થી ઉર્વિશ પટેલ ટીમમાં પસંદગી પામ્યો હતો. મેચમાં ઉર્વિશે ઉત્કૃષ્ટ પ્રદર્શન કરતા મેન ઓફ ધ મેચનો ખિતાબ મેળવી સ્કુલનું ગૌરવ વધારેલ છે.

હિંમતનગરની મદ્રેસા હાઈસ્કુલ ખાતે હાસ્ય કવિ સંમેલન યોજાયું

હિંમતનગર, તા.૨૧

હિંમતનગર શહેરમાં આવેલ મદ્રેસા હાઈસ્કુલ ખાતે આજ રોજ સવારે હાસ્ય કવિ સંમેલનનો કાર્યક્રમ યોજાયો હતો. જેમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ અને સમાજના આગેવાનોને ખુબ હાસ્ય પુરું પાડયું હતું. આ હાસ્ય સંમેલનમાં આબીદભાઈ ભટ્ટ, રમેશભાઈ પટેલ, ડૉ. ફુલચંદ ગુપ્તા, ઈસુભાઈ ગઢવી, રસીકભાઈ સોની હાજર રહ્યા હતા. સંમેલનનું આયોજન સંસ્થાના પ્રમુખ જી.એ. કરસોલીયા તેમજ શાળાના આચાર્ય ઝેડ.વી. મુતવલ્લીએ કર્યું હતું.

(તસવીર : હરેશ જોષી, પાલનપુર)

પાલનપુર નગરપાલિકા દ્વારા શહેરમાં સફાઈ ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી. તેમજ ડોર-ટુ ડોર કચરો ઉઘરાવવાની વ્યવસ્થાનો વોર્ડ નં. ૧૧માં પણ પ્રારંભ કરાયો હતો. નગરપાલિકાના પ્રમુખ હસમુખ પઢીયાર અને સેનીટેશન ચેરમેન અનિલ ચક્રવર્તી સહિત શહેરના અગ્રણીઓ આ કાર્યક્રમમાં જોડાયા હતા.

પાલનપુર શહેરના વોર્ડ નં. ૧૧થી યુવાનો દ્વારા સફાઈ ઝુંબેશ શરુ થઈ

ગાંધીનગર, તા.૨૧

પાલનપુર શહેરમાં સફાઈ અંગેની ઉઠેલી ફરિયાદો સામે વિવિધ વિસ્તારોમાં ફરી પ્રજાની સમસ્યાનો નિરાકરણ કરવા નવયુવાન ઉત્સાહી હસમુખ એમ. પઢીયાર ટીમ વર્ક થકી વિકાસના તથા સફાઈ, પીવાનું શુધ્ધ પાણીની સમસ્યાને લઈ નગરપાલિકા, સેનીટેશન ટીમ, સફાઈ કામદારો સહિત સ્વચ્છતા ઝુંબેશનું કાર્યને લઈને તા. ૨૦ ડીસેમ્બર ૨૦૧૩ના રોજ શહેરમાં ચાલતા ડોર ટુ ડોર કચરો ઉઘરાવવાની વ્યવસ્થામાં વધારો કરાવવાના ભાગરૂપે વોર્ડ નં.૧૧માં ઘેર ઘેરથી કચરો ઉઘરાવવાની કામગીરી સ્થાનિક રહીશ લલિતભાઈ ધામી તથા પ્રવિણભાઈ શાહના હસ્તે શ્રીફળ વધેરી શરુ કરવામાં આવેલ છે. તેમજ નગરપાલિકા દ્વારા ટુંક સમયમાં સમગ્ર શહેર ડોર ટુ ડોરની વ્યવસ્થા ચાલુ થાય તેવું આયોજન ભવિષ્યમાં હાથ ધરવામાં આવશે. આ કાર્યક્રમ નગરપાલિકા પ્રમુખ હસમુખ એમ. પઢીયાર, સેનીટેશન ચેરમેન અનિલભાઈ ચક્રવર્તી, મુખ્ય અધિકારી યુ.ડી. સિન્ધા, ઓ.એસ. એ.ડી પઢિયાર ભાજપ મહામંત્રી નગીનદાસ મોદી, દલપતભાઈ બારોટ તથા ભાજપના બક્ષીપંચ મોરચાના પ્રમુખ દિનેશભાઈ પંચાલ, મહેશભાઈ લિમ્બાચીયા તથા મ્યુ. સભ્ય અલકાબેન પંચાલ, પાર્થ સારથી, નાથીબેન પરમાર સ્થાનિક અગ્રણીઓ લલીતભાઈ ધામી, પ્રવિણભાઈ શાહ, કપિલભાઈ, અનિલભાઈ ગૂપ્તા, કનકભાઈ પંડયા, મગનભાઈ પાલા, પ્રફુલ્લાબેન પટેલ, સનતભાઈ પંડયા તથા વોર્ડ નં. ૧૧ના પ્રજાજનો તેમજ નગરપાલિકા કર્મચારી હાજર રહેલ હતા.

ડીસા શહેરમાં ટોઈંગકર્મી પર હુમલો કરનાર ચાર સામે ફરિયાદ

ડીસા, તા.૨૧

ડીસા શહેરમાં સોમવારથી પ્રાયોગિક ધોરણે ટોઈંગ વાન શરુ કરવામાં આવી હતી. જો કે આડેધડ રસ્તા વચ્ચે પાર્ક કરતા વાહન ચાલકો સામે દંડનીય કાર્યવાહી કરાતા વાહન ચાલકોમાં દંડનીય કાર્યવાહીનાં રોષમાં આજે વિવાદ સર્જાયો હતો. જેમાં પોલીસ અને વાહન ટોઈંગ કરતા ખાનગી કર્મચારી પર તકરાર કરવાના આરોપ સર ચાર સામે એફ.આઈ.આર. નોંધાતા ચકચાર મચેલ છે.

બનાસકાંઠાના ડીસામાં પ્રાયોગિક ધોરણે ટોઈંગ વાન શરુ કરવાનો આદેશ કરતા ગત સોમવારે ડીસા શહેર પી.આઈ. કે.ડી. નકુમ, જિલ્લા ટ્રાફીક પીએસઆઈ વી.કે. ગઢવી તેમજ ડીસા શહેર ટ્રાફિક પીએસઆઈ એસ.ડી. ચૌધરી દ્વારા શહેરના ફુવારા સર્કલથી લેખરાજ ચાર રસ્તા, પોલિસ સ્ટેશન વિસ્તાર તેમજ ફુવારા સર્કલથી ગાયત્રી મંદિર રોડ પર નડતરરૂપ અને આડેધડ પાર્ક કરેલા વાહનોને ટોઈંગ કરી ઉત્તર પોલીસ મથકે લઈ જવામાં આવ્યા હતા. જેમાં આજ રોજ ગાયત્રી મંદિર પાસે પડેલા એક મોટર સાયકલને ટોઈંગ કરતા મામલો બીચકયો હતો. અને સ્થાનિક ભવાની મેડીકલ સંચાલક રાકેશ પટેલ અને ટોઈંગ કર્મી વચ્ચે તકરાર થઈ હતી. જેમાં અન્ય જોડાતા ટોઈંગ કર્મી પર કેટલાક લોકોએ રોષે ભરાઈ ટપલી દાવ કરતા પરિસ્થિતિ વણસી હતી.

જો કે પોલીસ કુમકો દોડી આવતા મામલો વધુ વણસે તે પહેલા કાબુમાં આવ્યો હતો. જો કે થયેલ આ તકરાર મામલે ડીસા શહેર ટ્રાફિક પીએસઆઈ એસ.ડી. ચૌધરી દ્વારા હુમલાખોર એવા રાકેશ પટેલ અને અન્ય ત્રણ વિરુદ્ધ સરકારી કામમાં રુકાવટ ઉભી કરવા, ધમકી આપવી સહીતની ફરિયાદ ઉત્તર પોલીસમાં નોંધાતા સનસનાટી મચેલ છે.

સોનારિકા ગ્રુપ તેમનું કાર ક્ષેત્રે ઈન્ટરનેશનલ કાર્સ એન્ડ મોટર્સ લીમીટેડ દ્વારા પદાર્પણ

કંપની ગુજરાતમાં એક સેલ્સ શૉરૂમ, ૧૫ સર્વીસ સેન્ટર, ૧૪૨ સ્થળેથી હેલ્પલાઈન સેવા આપવા સક્ષમ છે. વર્ષે ૨૦૦૦ હીકલનું ઉત્પાદન કરતી કંપની તેના ગ્રાહકોને ૨૪-૭ કલાક રોડ આસીસટન્ટની વીના મુલ્યે સેવા પણ આપી રહી છે. જે આ ક્ષેત્રે આ પ્રકારની મફત સેવા આપતી એકમાત્ર કંપની છે. ટુંક સમયમાં કંપની અમદાવાદ સિવાય બરોડા, સુરત, રાજકોટ, જામનગર, આણંદ ખાતે શોરૂમ શરૂ કરી રહી છે.

એસી સાથે અને એસી વગરની બંને મોડલ બજારમાં ઉપલબ્ધ છે. જેની કિંમત ૬.૭૮ લાખથી લઈને ૬.૩૫ લાખ રૂપિયા સુધી છે. આની સાથે જ ગમે તેવી વિકટ પરિસ્થિતિમાં દર્દી અને ડૉક્ટરને સલામત અને આરામદાયક સુવિધામાં આપની આ કિંમતમાં મળતી એકમાત્ર એમ્બ્યુલન્સ છે. એસી સુવિધા અને ડિઝલથી ચાલતી કોઈપણ અન્ય એમ્બ્યુલન્સ ૪ લાખથી ૮ લાખમાં નથી આવતી. ૧૨૦ બીએચપી પાવરવાળા જ એન્જીન સાથે ૧૬૫ કિ.મી. પ્રતિ કલાકની ગતિથી ચાલતી આ એમ્બ્યુલન્સ અત્યારની સૌથી વધુ ઝડપી અને આધુનિક એમ્બ્યુલન્સ છે.

કોઈપણ દર્દી માટે એમ્બ્યુલન્સની સુવિધા ખૂબ મહત્વપૂર્ણ ભાગ ભજવે છે. દર્દીની પ્રાથમિક સારવાર એમ્બ્યુલન્સમાં જ શરૂ થાય છે. જેથી અમે એમ્બ્યુલન્સમાં એ દરેક પ્રકારની સુવિધા મુકી છે. જે રોડથી હોસ્પિટલ સુધી દર્દીની દરેક પ્રકારની જરૂરીયાત પૂરી કરી શકે. આ એમ્બ્યુલન્સના ઉત્તમ ફીચર્સ અને આકર્ષક કિંમત દેશના અમારા બજાર વેચાણમાંના માત્ર વધારો કરશે પરંતુ અમારી ઓળખાણને પણ મજબુત કરશે.

સમિતિની રચના...

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સ્તરીય બેઠકમાં ગુજરાત સ્ટેટ વોટર શેડ મેનેજમેન્ટ એજન્સીના મુખ્ય કારોબારી અદિકારી દ્વારા ગુજરાત રાજયમાં અમલી વોટરશેડ મેનેજમેન્ટ પ્રોગ્રામની રૂપરેખા દર્શાવતું એક પ્રેઝન્ટેશન રજુ કર્યું હતું.

આ પ્રેઝન્ટેશનમાં વોટરશેડ કામગીરી સંદર્ભે રાજય સ્તરથી લઈને ગ્રામ્યસ્તર સુધીનું વહીવટી માળખું વૈજ્ઞાનિક ટેકનોલોજીના ઉપયોગ દ્વારા કાર્યસ્થળની પસંદગી કામગીરીનું સ્ટાન્ડર્ડરાઈઝેશન યોજનાના અમલીકરણમાં જનભાગીદારી વોટરશેડ યોજનાની અસરકારક કામગીરીમાં ઉપયોગી શઈ શકે તેવી અન્ય યોજનાઓનું એકત્રીકરણ અને યોજનાના અમલીકરણથી આવેલ ભૌગોલિક સુધારા તથા જનસુખાકારીમાં થયેલ અભિવૃદ્ધિ સહીતની વિગતોનો ચિતાર આપવામાં આવ્યો હતો.

રાજયમાં અમલી આ યોજના અને તેનાથી થયેલ લાભ અંગે રાજય સરકારે સંતોષ વ્યકત કરીને શિક્ષણ વિભાગના અગ્રસચિવના ભૂતકાળના અનુભવને ધ્યાને લઈને તેમના અધ્યક્ષસ્થાને એક સમીતિની રચના કરવા અને આ યોજનના લાભા લાભો અંગે અભ્યાસ કરીને જરુરી સૂચનો કરવા માટે સૂચના આપવામાં આવી છે.

નર્મદા, જળ સંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ
ઓન લાઈન જાહેર નિવિદા નં. ૪૪ સને ૨૦૧૩-૧૪

૧.	કામનું નામ	હાલમતી મુખ્ય નહેર બેન્ઝીન પરની સાં. ૩૦૯૮૬ મી અને ૩૦૨૦૦ મી. પરના વી.આર.સી. તોડી નવીન બાંધકામ કરવાની કામગીરી અને હિંમતનગર સિંચાઈ વસાહતના રહેઠાણના ક્વાટર્સનું રીપેરીંગ કામ.
૨.	અંદાજીત રકમ રૂા. લાખમાં	રૂ. ૪.૮૧ થી ૧૩.૦૩ લાખ કુલ ૧૮.૮૪ લાખ (બે કામ)
૩.	ટેન્ડર સ્વીકારવાની છેલ્લી તારીખ અને સમય (ઓનલાઈન)	તા. ૩-૦૧-૨૦૧૪ સમય : ૧૮.૦૦ કલાક સુધી
૪.	કચેરીનું સરનામું ટેલીફોન નંબર	૧. અધિક્ષક ઈજનેરશ્રીની કચેરી, હિંમતનગર સિંચાઈ યોજના વર્તુળ સિંચાઈ ભવન, દુર્ગા સાઈટ, હિંમતનગર-૩૮૩૦૦૧ (ફોન નં. ૦૨૭૭૨-૨૪૦૭૭૧ ૨. કાર્યપાલક ઈજનેરશ્રીની કચેરી, હિંમતનગર સિંચાઈ વિભાગ, હડિયોલપુર છાપરીયા, હિંમતનગર - ૩૮૩૦૦૧ (ફોન નં. ૦૨૭૭૨-૨૪૨૭૧૦)

વધુ જાણકારી માટે www.statetenders.com અને www.nprocure.com નો સંપર્ક કરવો.
ક્રમાંક ના.મા.નિ./હિંમત/૩૯૭/૨૦૧૩

ટચૂકડી જાહેર ખબર

દુકાન તથા ભોયરૂ ભાડે
સે.૨૮, ઘ-૬ કોર્નર ઉપર
૨૦૦ ફૂટ તથા ભોયરૂ ૬૦૦ ફૂટ
મો. : ૯૮૨૫૮ ૦૫૧૪૧
સમય - સવારે ૮ થી સાંજે ૬

દુકાન તથા ભોયરૂ ભાડે
સે.૨૮, ઘ-૬ કોર્નર ઉપર
૨૦૦ ફૂટ તથા ભોયરૂ ૬૦૦ ફૂટ
મો. : ૯૮૨૫૮ ૦૫૧૪૧
સમય - સવારે ૮ થી સાંજે ૬

પ્લોટ અને ફ્લેટ વેચવાના છે
ઘ-૬ કોર્નર, સે.૨૮માં ૨૩૫ વારનો પ્લોટ તથા સે.૪ડીમાં ગ્રાઉન્ડ ફ્લોરના ફ્લેટ તથા સે.૫સીમાં ફ્લેટ
સંપર્ક : ૯૮૨૫૮ ૦૫૧૪૧
સવારે : ૮ થી ૬

વાયેલા ક્લિનીંગ
સોફા સેટ, ચેર, શેમ્પુ, હોમ, ઓફીસ, પાણીની ટાંકી, ડ્રેનેજ લાઈન, ખાળકુવા, ચેમ્બરની સાફ-સફાઈ કવા માટે
મો. : ૯૮૨૪૯ ૫૬૦૧૫

જોઈએ છે
કન્સ્ટ્રક્શન સુપરવાઈઝર જોઈએ છે સેકટર-૪માં ફ્લેટ અને સેકટર-૨૮માં પ્લોટ વેચવાના છે
સંપર્ક : ૯૮૨૫૮ ૦૫૧૪૧